સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૭૫૫

સલામી સવારની..

રિસામણે બહુ રહ્યા પણ સ્વાર્થ સધાયો નહીં,
લાલ-પીળા બહુ થયા 'કૃષ્ણ' નાગ નથાયો નહીં,
લાખ ટકાની થશે 'હાર' ને કપાસે શીશ પણ -
જળ-'કમળ' દળ વલોવ્યાં 'દડો' હાથ આવ્યો નહીં!

હાઈકુ

તાપ-સંતાપે,
ટિકીટ ને તાવડે -
ઉકળે ચરૂ..
(નારાજીનામાં)

જોડાં-કજોડાં,
બંધાય છે સંબંધો -
સત્તા ના સ્વાર્થે
(પક્ષ પલ્ટા-ગૂલાંટો)

ચિંતન

સા શ્રીર્યા ન મદં કુર્યાત્સ સુખી તૃષ્ણોયોજિતઃ । તન્મિત્રં યત્ર વિશ્વાસઃ પુરૂષઃ સ જિતેન્દ્રિયઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ'ના બીજા અધ્યાયમાંથી આ શ્લોક લેવામાં આવ્યો છે : 'સાચી લક્ષ્મી તે જ છે જેના આગમન પછી વ્યક્તિમાં 'અભિમાન' ઉત્પન્ન ન થાય અર્થાત એ લક્ષ્મીવાન હોવા છતાં પણ નમ્ર-વિવેકી જ રહે.

સાચો સુખી એને જ કહેવાય જે તૃષ્ણા-લોભથી અલિપ્ત રહે-માયા, મમતાથી નિર્લેપ રહે-મુક્ત રહે. .. અને સાચો મિત્ર એ જ છે જેનો કોઇ પણ પરિસ્થિતિમાં કોઇ પણ કાળે વિશ્વાસ મૂકી શકાય.'

લક્ષ્મીને 'દો-લત' પણ કહે છે જ્યારે આવે ત્યારે છાતી પર લાત મારી માણસને ઉંચે જોતો-અભિમાની-મદીલો બનાવે છે અને જ્યારે જાય ત્યારે પીઠ પર લાત મારી કરોડ ભાંગી નાખે છે. સાચી સુલક્ષ્મી જે પરિશ્રમથી મળે છે તે વિનમ્ર-વિવેક-નમ્રતા આપે છે. સાચું સુખ સંતોષમાં છે જે-જેવું-જેટલું-જ્યારે પણ મળે એમાં સંતોષ માણવો એ જ સાચું સુખ છે.

'વિશ્વાસ' નો કદી પણ-કોઇ પણ સંજોગમાં જે ભંગ ન કરે એ જ સાચો મિત્ર. સજ્જન વ્યકિત બોલવા-આચરણ-વ્યવહારમાં સંયમી હોય છે.

સુવિચાર

- જો તમે બીજાઓને 'હા' કહેતા હો ત્યારે એટલી ખાતરી કરી લેવાની કે તમે સ્વયં ને 'ના' તો નથી કહેતાં ને...? *- નવનીત સમર્પણ*
- મિત્રતા બે હૃદયને જોડતું એવું મેઘધનુષ્ય છે, જે પ્રેમ, ઉદાસી, આનંદ, સત્ય, વિશ્વાસ ગુપ્તતા અને આદર નામના સાત રંગોની પરસ્પર વહેંચણી કરે છે *- બ્રેસ. મહાવીર*
- લાગણીઓનો પ્રવાહ જીવંત હોય તો જોજનો દૂર રહેતો પણ પાસે લાગે છે, અને જો સ્થગિત થઇ ગયો હોય તો બાજુમાં બેઠેલા પણ જોજનો દૂર લાગે છે *- હંસલ ભચેચ*
- આપણે આકરા શિયાળા, બળબળતા બપોર તેમજ મૂશળધાર વરસાદને અનુકૂળ ન થઇ શકીએ? *- અમૃતબિંદુ*
- દુનિયામાં ભોગનાં ભૂખ્યા અને મોક્ષના ભૂખ્યા બંને પ્રકારનાં લોકો જોવા મળે છે, પરંતુ ભોગ અને મોક્ષ બંનેની ઇચ્છા ન રાખનાર મહાત્મા મળવા મુશ્કેલ છે *- અષ્ટાવક્ર ગીતા*
- અકિંચન, જિતેન્દ્રીય, શાંતચિત્તવાળા અને ઇશ્વરમાં શ્રદ્ધા રાખનારને આખી દુનિયા સુખથી ભરેલી લાગે છે *- મનુસ્મૃતિ*
- ડૂબી ડૂબી ને શું ડૂબવાનું માણસમાં.. એક વેંત ઊતરો ને ત્યાં તો તળિયાં આવે *- અશરફ ડબાવાલા*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

'માણસ સામાન્ય સંજોગમાં તો ધૈર્ય, વિશ્વાસ, શ્રદ્ધા, આશાને પકડી ટકાવી રાખી શકે છે અને પોતાની આવી શક્તિના ઢોલ પણ વગાડતો રહે છે, ખરેખર તો કપરા-વિકટ સંજોગોમાં માણસની આ બાબતમાં સાચી કસોટી થાય છે.'

વિશ્વ વિખ્યાત ભૂસ્તર શાસ્ત્રી-વૈજ્ઞાનિક ડોનાલ્ડ મેકમિલન અવાર-નવાર ઉત્તરધ્રુવની યાત્રાએ જઇ ત્યાં જઇ ભૂસ્તર અને વૈજ્ઞાનિક પ્રયોગો કરતા અનેક કપરા જીવ સટોસટનાં અનુભવ થયા હતા. છતાં પણ એમણે આ સાધના છોડી ન હતી.

ફરી એકવાર આ ઉત્તરધ્રુવની યાત્રાની તૈયારી ચાલુ હતી. બીજે દિવસે રવાના થવાના હતા. ત્યાં જ એમને ટપાલમાં કવર મળ્યું. બંધ કવર પર લખ્યું હતું કે 'જ્યારે તમે થાકી-હારી 'આશા-વિશ્વાસ' ગુમાવવાની તૈયારીમાં ત્યારે જ આ કવર ખોલજો.' ડોનાલ્ડે બંધ કવર સાથે રાખ્યું.

ત્રણ મહિને યાત્રા પૂરી કરી ડોનાલ્ડ પાછા આવ્યા. એમણે પેલું કવર ખોલ્યું જ નહીં. પ્રવાસ વર્ણનનું પુસ્તક લખ્યું એમાં પ્રસ્તાવનામાં આ કિસ્સો લખ્યો અને કવર આજ સુધી ન ખોલવાનું કારણ જણાવતાં નોંધ્યું કે - 'હું એ વ્યક્તિનો વિશ્વાસ ટકાવી રાખવા ઇચ્છતો હતો, અને એણે જેવી સૂચના આપી હતી એ ક્ષણ - 'આશા-શ્રદ્ધા-વિશ્વાસ' ગુમાવવાની આવી જ ન હતી.'

Email - sureshchandrabhatt18@gmail.com

ઝાંબાઝ શહીદવીર, મા ભોમને માટે મરી ફિટનાર, ક્રાંતિવીર, આઝાદીના લડવૈયા અને માનવ સમાનતાના આગ્રહી, ત્યાગ અને પરિવર્તન વિચારસરણીના પ્રણેતા શહીદવીર ભગતસિંહ - ત્રિપુટીને સો... સો... સલામ...!

પ્રસંગસર

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

આજે ૨૩મી માર્ચ એટલે કે હિન્દુસ્તાનની તવારીખમાં નોંધાયેલ એક કાળો દિવસ - કપટી અંગ્રેજોની કપટનીતિ અને કાયરતાભરી અમાનુષિતા ખુલ્લી પાડતો દિવસ! માત્ર ૨૩ વર્ષની ઉંમરે શહીદીને વરેલ શહિદવીર ભગતસિંહની પુણ્યતિથિ. તેમના સાહસમાં સદાય ભાગીદાર રહેનાર સુખદેવ અને રાજગુરૂની જાનફેસાનીનો - ગમગીન દિન!

દેશભક્ત શીખ અર્જુનસિંગના પુત્ર કિશનસિંગના આંગણે, લયલપુરના બંગામાં તા.૨૮મી સપ્ટે.૧૯૦૭ ના રોજ માતા વિદ્યાવતીના ખોળે એક સિતારાનું અવતરમ થયું. જેનું નામ અપાતું 'ભગતસિંહ.' તેમના કાકા સુવર્ણસિંહ શાહીવાદ સામેનાં સંઘર્ષમાં વારંવાર જેલ ગયા હતા. તથા બીજા કાકા અજીતસિંગ પણ બ્રિટીશ હકુમત સામે જંગ જાહેર કરી ચૂક્યા હતા, જેમની સામે ધરપકડનું વોરન્ટ અને ધરપકડ માટે ઇનામ જાહેર થતાં, તેઓ સરકારને થાપ આપી ઇરાન અને ત્યાંથી કેનેડા જતા રહ્યા અને ત્યાંથી બ્રિટીશ શાહીવાદની ઘોર ખોદવાનું ચાલું રાખ્યું. કિશનસિંગ પણ એક ક્રાંતિકારી દેશભક્ત હોવાથી, સુવર્ણસિંગના અવસાન અને અજીતસિંગના દેશવટા બાદ 'સહાયક' નામનાં ક્રાંતિકારી દૈનિકની જવાબદારી સંભાળી. આમ ક્રાંતિના સંસ્કાર લઇને જ જન્મનાર અને ગળથૂથીમાં જ ક્રાંતિનાં પયપાન કરનાર ભગતસિંહને સમગ્ર રીતે ક્રાંતિકારના ઢાંચામાં ઢાળે તેવા બનાવોનો સામનો બાળપણથી જ કરવાનો આવ્યો.

કરતારસિંહ કે જેને ૧૯ વર્ષની ઉંમરે ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા હતા તેમને પોતાનો આદર્શ માનતા હતા. પ્રથમ વિશ્વયુદ્ધ સમયેના કાળા કાયદા 'રોલેટ એક્ટ' ના આંદોલનથી પ્રભાવિત થયા. ૧૯૧૯ ના એપ્રિલમાં ઘટેલ જલિયાંવાલાં બાગના હત્યાકાંડથી ગુસ્સે ભરાયા અને દેશભક્તિના રંગે રંગાયા અને બીજા દિવસે ભાગી ગયા. આ હત્યાકાંડના સ્થળની લોહીભીની માટી ભેગી કરી. તેની પૂજા શરૂ કરી, મા-ભોમની ગુલામીની ઝંઝીરોમાંથી છોડવાના સ્વપ્નો જોવા લાગ્યા. ૧૪ વર્ષની ઉંમરે ગાંધીજીના 'અસહકાર આંદોલનમાં ઝંપલાવ્યું, જેમાં સુખદેવ અને ચશપાલ પણ હતા.' સને ૧૯૨૫માં લાહોરમાં સ્થપાયેલ 'નૌજવાન ભારત સભા' તેઓ મહામંત્રી ચૂંટાયા અને ગુલામીની ઝંઝીરોમાંથી છૂટવા હિંમતવાન, ચેતનવંતા અને ખમીરવંતા યુવાનોની આતંકવાદી દળમાં ભરતી કરવા લાગ્યા અને બોમ્બ બનાવવાની રીતો શીખવા લાગ્યા.

જીવનનિર્વાહનો પ્રશ્ન ઊભો થતાં, દિલ્હીના ઉર્દૂ અખબાર 'અર્જુન' અને કાનપુરના બુદ્ધિજીવી-ક્રાંતિકારી ગણેશ શંકર વિદ્યાર્થીના 'પ્રતાપ' અખબારમાં લેખો લખવાનું કામ શરૂ કર્યું. તેમને પત્રકાર બનવું હતું. તેમણે નાની ઉંમરે મૌલિક વિચારને અમલમાં મૂક્યો અને 'ભાષા અને લિપિની સમસ્યા' ઉપર રાષ્ટ્રીય નિબંધ સ્પર્ધામાં ભાગ લઇ, પુરસ્કાર મેળવ્યો. તેઓ કોલેજનાં નાટકોમાં પણ ભાગ લઇ - રાણા પ્રતાપ, ચંદ્રગુપ્ત જેવા ઐતિહાસિક નાટકો ભજવ્યાં.

૧૯૨૭માં લાહોરની ગલીમાં બોમ્બ ફેંકાયો જેમાં તેમને દોષિત ઠેરવી જેલમાં પૂર્યા. બ્રિટીશ સરકારે ધૂર્ત ચાલબાજીથી રચેલ સાયમન કમિશનનો વિરોધ કરવા, પંજાબ કેસરી લાલા લજપતરાયની આગેવાની હેઠળ તા. ૩૦મી ઓક્ટો. ૧૯૨૮ાં રોજ સરઘસ નીગળ્યું જેમાં ભગતસિંહ અને સાથીઓ મોખરે હતા. 'સાયમન... વાપસ જાઓ! અને 'ઇન્કિલાબ ઝિંદાબાદ'ના નારા સાથે સરઘસ આગળ વધી રહ્યું હતું. ત્યારે, અંગ્રેજ ડેપ્યુ. પોલીસ સુપ્રિ. સોન્ડર્સે લાલાજીના માથામાં ફટકો મારતાં ઘાયલ થયા અને લાલાજીથી આ અપમાનની ચોટ સહન ન થતાં, તેઓનું ૧૭મી નવેમ્બર ૧૯૨૮ ના રોજ અવસાન થયું. આનો બદલો લેવા ૧૭મી ડિસેમ્બરે રાજગુરૂએ મોટરસાયકલ પર જતા સોન્ડર્સ પર ગોળી ચલાવી. સોન્ડર્સ ઉથળી પડતા, બાકીનું કામ સોન્ડર્સને ચાર-પાંચ ગોળી મારીને ભગતસિંહે ઠાર મારી પૂરૂં કર્યું. બંને કોલેજ તરફ ભાગી છૂટતા પોલીસીઓ પીછો કર્યો.' અગાઉથી કરાયેલ ગુપ્ત આયોજન મુજબ કંપાઉન્ડમાં તૈયાર ઊભેલા ચંદ્રશેખર આઝાદે, ચંદનસિંઘ નામના જમાદારને ગોળીથી ઠાર કરી, સોન્ડર્સને સાથ આપવા ઉપર પહોંચાડી દીધો. ત્યારબાદ ભગવતીચરણ વ્હોરાનાં પત્નિ દુર્ગાભાભી અને તેમનાં ત્રણ વર્ષના પુત્ર રાચીન્દ્ર સાથે ભગતસિંહ દાઢી અને માથાનાં વાળ સફાચટ કરી - કોટ, પેન્ટ અને હેટ ધારણ કરી છૂપી પોલીસને હાથતાળી આપી, કલકત્તા પહોંચી ગયા. તેઓ દુર્ગાભાભીના કામચલાઉ 'પતિ' બની ગયા, જ્યારે રાજગુરૂ આ કુટુંબના નોકરના સ્વાંગમાં સાથે જ ફરાર થયા.

નવયુવાનો આગ્રા પહોંચી બોમ્બ બાનાવવાનું અને પિસ્તોલ ચલાવવાની તાલીમ લીધી, જ્યાં શિવવર્માને ઉત્તર પ્રદેશના સહારનપુરમાં અને સુખદેવને લાહોરમાં બોમ્બ બનાવવાનો હસ્તઉદ્યોગ શરૂ કરવાનું કામ સોંપાયું.

અંગ્રેજ સરકારનાં દમનકારી બે બીલ (૧) ઔદ્યોગિક વિવાદ સંબંધી (યુનિયન ડીસ્પ્યુટ બીલ અને (૨) જનસુરક્ષા બીલ (પબ્લીક સેફ્ટી બીલ) દિલ્હી પાલમિન્ટમાં ૮મી એપ્રિલ.૧૯૨૯ ના રોજ સર જર્યોર્જ શૂસ્ટર, બીલ કાયદો બન્યાની ઘોષણા કરી કે તરત જ ભગતસિંહે ઊભા થઇ શૂસ્ટરની પાટલી પાછળ બોમ્બ ઝીંક્યો.

અંગ્રેજ સભ્યો, જ્યાં સલામત લાગ્યું ત્યાં પાટલી નીચે સંતાઇ ગયા. ભારતીય પ્રતિનિધિઓ - વિઠ્ઠલભાઇ પટેલ અને પં. મોતીલાલ નહેરૂ પોતાની જગ્યાએ જ બેસી રહ્યા. પ્રથમ બોમ્બના ધડાકા શમે ત્યાં જ,બટુકેશ્વર દત્તે બીજો બોમ્બ ઝીક્યો. અને ગૃહમાં 'ઇન્કિલાબ ઝિંદાબાદ' - સામ્રાજયવાદ મુર્દાબાદ અને 'દુનિયા કે મજબૂર એક હો...' ના નારા ગૂંજી ઊઠ્યા. બંનેએ પત્રિકા: 'બહેરા કાનોને સંભળાવવા માટે ધડાકાની જરૂર પડે છે...' જનતાનો સપ્ત વિરોધ છતાં, સરકાર અમારી ઉપર આ દમનકારી કાયદો ઠોકી રહી છે...' લખાણવાળી પત્રિકાઓ ગૃહમાં વહેંચી અને અગાઉથી નક્કી થયા મુજબ ધરપકડ વહોરી.

૧૫મી એપ્રિલ, ૧૯૨૯ ના દિવસે દિલ્હી ખાતેની બોમ્બની ફેક્ટરીમાં દરોડો પડ્યો. સુખદેવ, જયગોપાલ અને કિશોરીલાલ પકડાઇ ગયા. મુકદ્દમા દરમિયાન અદાલતમાં હાજર રહેવાનો ઇન્કાર કર્યો. ભૂખ હડતાળો આદરી અને અઢાર મહિનાથી અદાલતી કાર્યવાહીબાદ ભગતસિંહ તથા બટુકેશ્વર દત્તને 'જન્મટીપ' આપી.

૧૦મી જુલાઇ ૧૯૨૯ના દિવસે 'સોન્ડર્સ ખૂન કેસ' શરૂ થયો. જેલમાં સગવડોની માંગ માટે ક્રાંતિકારીઓની ભૂખ હડતાલોને કારણે કમજોરી આવતાં, બળજબરીથી નાકમાં ટોટી ચડાવી દૂધ પિવડાવવા જતીનનાં ફેફસામાં દૂધ પહોંચી જતા, ૬૩ દિવસની હડતાળ બાદ

અનુસંધાન પાના.૬ પર

આદર્શ ચૂંટણી આચાર સંહિતા અંગેની સમજૂતી

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન ત્રિવેદી

ભારતની લોકશાહિના મહાપર્વ તથા ભારતીય બંધારણની આધારસ્તંભ એવી ચૂંટણી જ્યારે નજીક આવી રહી છે ત્યારે આચાર સંહિતા શું છે? કોને લાગુ પડે અને ક્યારે લાગુ પડે તે વિષે આમ જનતા અજાણ હોય છે. જેથી અજાણતાજ ચૂંટણી આચાર સંહિતાનો ભંગ સ્વાભાવિક રીતે ઉમેદવાર તથા જનતા બન્ને દ્વારા કરવામાં આવે છે ત્યારે કેટલાક કાનૂની પ્રશ્નો ઉભા થાય છે જેનાથી ઉમેદવાર, રાજકિય પક્ષો તથા આમ જનતાને સહન કરવાનું આવે છે.

ભારતના ચૂંટણી આયોગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ માગદર્શિકાઓનું પાલન ઉમેદવાર તેમના એજન્ટ, કાર્યકર્તા દ્વારા કરાવવામાં આવે છે જેથી ચૂંટણી શાંતિપૂર્વક, સ્વતંત્ર તથા નિષ્પક્ષ રીતે કરી શકાય અને મનીપાવર તથા મસલપાવરથી ગેરલાયક ઉમેદવાર કાયદો હાથમાં લઈ ચૂંટાઈ ના આવે તે ચૂંટણી આયોગે ધ્યાન રાખવાની પ્રાથમિક ફરજ છે.

કોઈપણ રાજકિય પક્ષોની ટીકા કરવામાં આવે ત્યારે તેઓની નીતિઓ, કાર્યક્રમો અને કામગીરી સુધી જ સીમીત હોવી જોઈએ વ્યક્તિગત જીવનને લગતી ટીકા કરવી ના જોઈએ.

ભારતની વિવિધ જાતિ, ધર્મ કે ભાષાઓના સમુદાયો વચ્ચે મતભેદ પ્રર્વતે અથવા ઘૃણા ઉદ્દભવે તેવું કાર્ય કરવા ઉપર ચૂંટણી આયોગ કાર્યવાહી કરી શકે છે.

કાલ્પનિક વાતો ઉમેદવારની કે રાજકિય નેતાની બદનામી કરતી કરવા ઉપર નિયંત્રણ રાખવામાં આવે છે. સત્યતા વિસંગત અફવાઓ નેતાઓ વિરૂધ્ધ ફેલાવવા ઉપર પ્રતિબંધ છે.

મત માટે જાતિય અથવા સાંપ્રદાયિક ભાવનાઓ ભડકાવવા ઉપર તથા મંદિર, મસ્જીદ અને પૂજાના સ્થળે ચૂંટણી પ્રચાર માટે પ્રતિબંધ છે.

મતદારોને મત આપતા ડરાવવા, ધમકાવવા, પોતાના પક્ષે મત આપવા લોભ, લાલચ આપવી કે ભ્રષ્ટાચાર કરવા ઉપર પ્રતિબંધ છે. મતદારોને મત કેન્દ્ર સુધી લાવવા પોતાના પક્ષે મત આપવા પ્રલોભનો આપવા ઉપર પ્રતિબંધ છે. મતદાતાના પોતાના વિચારો અને કાર્યોને અવરોધરૂપ બને તેવા પ્રદર્શનો ધરણા, વિરોધ, દેખાવો કરવા ઉપર પ્રતિબંધ છે. કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવારને ધ્વજના દંડા બનાવવા, ધ્વજ ટીંગાડવા, સૂચનાઓ ચોટાડવી, સુત્રો લખવા વગેરે માટે કોઈપણ વ્યક્તિની જમીન, મકાન, જગ્યાઓ, દિવાલો વિગેરેનો તેમની સંમતી વગર ઉપયોગ કરવા પ્રતિબંધ છે.

રાજકીય પક્ષોની સભા, સરઘસો ઉપર કે તેમના ટેકેદારો વિઘ્ન ઉભા ન કરે અથવા ભંગાણ પાડવા ઉપર પ્રતિબંધ છે. વિરોધ પક્ષની સભામાં પત્રીકાઓ વહેંચવા ઉપર તથા વિરોધી પ્રશ્નો પૂછવા ઉપર તથા એક પક્ષોએ ચોટાડેલ પોસ્ટરો બીજા પક્ષોએ ઉખેડવા ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે.

ઉમેદવારની સૂચિત સભાની સ્થાનિક ઓથોરીટીની ચૂંટણી પંચની મંજૂરી લઈ આગોતરી જાણ ચૂંટણી આયોગને કરવી જોઈએ. સમય, સ્થળ અને સંખ્યાની આગોતરી જાણ કરવી પડશે. સભા સ્થળે લાઉડસ્પીકરના ઉપયોગ અંગે મંજૂરી અગાઉથી સંબંધિત અધિકારી પાસેથી મેળવી લાઈડસ્પીકર અંગેના નિયમોનું ચુસ્ત પાલન કરવું પડશે.

સભામાં વિઘ્નરૂપ પરિબળો ઉપર રાજકિય પક્ષો કે ઉમેદવારોએ પગલા ના ભરતા તૈનાત કરેલ પોલીસ અધિકારીને લેખીતમાં ફરીયાદ આપવાની રહેશે.

સભા, સરઘસના, રોડ શો ના, સ્થળ રૂટ, સમય અંગેની આગોતરી જાણ કરવાની રહેશે.

સભા, સરઘસના વિસ્તારોમાં પ્રતિબંધિત આદેશો લાગુ પાડવામાં આવ્યા હોય તો આવા આદેશોનું ઉમેદવારે અને રાજકિય પક્ષોએ પાલન કરવું જોઈએ.

સભા, સરઘસ તથા રોડ શોની આમ જનતાને ટ્રાફિકને અગવડ પડ`તેવા કર્યો કરવા ઉપર પ્રતિબંધ છે એક જ સમયે એકજ સ્થળે પ્રતિસ્પર્ધી ઉમેદવારને સભાઓ ભરવા કે રોડ શો યોજવા, સરઘસ કાઢવા પરવાની આપવામાં આવશે નહિ.

સરઘસના કારણે વાહન વ્યવહારને અસર ન પહોંચે તે માટે સ્થાનિક પોલીસની મદદથી સંતોષજનક બંદોબસ્ત પૂરો પાડવા માટે સેવા ઉપલબ્ધ રહેશે.

પ્રતિબંધીત વસ્તુઓ, દારૂગોળો, ફટાકડા, બોમ્બ, વિઘાતક હથિયારો વિગેરે સભા, સરઘસમાં લઈ જવા માટે પ્રતિબંધ છે.

રાજકિય પક્ષોના પૂતળા દહન કરવાના કાર્યક્રમો ઉપર ચૂંટણી સમયે પ્રતિબંધ છે. હથીયાર ધારકો પરવાનેદારોએ પોતાના હથિયારો સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા જોઈએ.

વધુ વિગતો-માહિતી આગામી અંકમાં આપવામાં આવશે.

પાતળી ફીન્સ ધરાવતી અને ફાંટાવાળી પૂંછડી ધરાવતી માછલીઓ લાંબા અંતર સુધી અને સારી એવી ઝડપે તરી શકે છે

માછલીઓને જાણીએ... વન્યસૃષ્ટિ પરિચય

- હેમંત સુથાર

અઢાર પુરાણોમાં મત્સ્ય પુરાણ એક છે. તેમ અવતારોમાં મત્સ્ય અવતાર એક છે. બંને તેમની જગ્યાએ પ્રથમ ક્રમે મુકવામાં આવે છે. કારણ કે આ પૃથ્વી પર આવેલા જીવોમાં મત્સ્ય એટલે કે માછલી અન્ય જીવો કરતાં પહેલાં આવી હોવાનું મનાય છે.

પ્રાણીઓના ઉચ્ચ વર્ગમાં આવતી માછલીઓ-મત્સ્યના મુખ્ય બે પ્રકાર ગણાય છે. કાસ્થિ મત્સ્ય (કાર્ટીલીજીયસ) અને અસ્થિ (Bony) મત્સ્ય. મુલર વૈજ્ઞાનિક દ્વારા માછલીઓને ૬ પેટા વર્ગમાં વર્ગીકૃત કરવામાં આવી હતી. માછલીઓમાં બે જોડ ઝાલરો-પાંખો (Fins) અને ચૂઇ - શ્વાસેન્દ્રિયો (Gills) હોય છે. ફીન્સ તરવા માટે અને ગીલ્સ શ્વાસ લેવાના કાર્યમાં ઉપયોગી બને છે. ફીન્સ માછલીઓને સંતુલન જાળવવામાં પણ મદદરૂપ બને છે.

દરિયાના ખારાપાણીમાં અને નદી, તળાવ, ઝરણા, ખાબોચીયાનાં મીઠા પાણીમાં માછલીઓ વસવાટ કરે છે તે આપણે જાણીએ છીએ. તેને આપણે જળચર કે જલીય જીવ પણ કહીએ છીએ. પુષ્ઠવંશી એવી માછલીઓ તૃણાહારી કે માંસાહારી હોય છે. ઠંડુ લોહી ધરાવતી માછલીઓમાં મોટા ભાગની જાતો ઇંડા મુકે છે તો ગ્રેટ વાઇટ શાર્ક જેવી કેટલીક જાતો સીધા બચ્ચાંને જન્મ પણ આપે છે.

માછલીઓ ભીંગડાયુક્ત ત્વચા ધરાવે છે. આ ભીંગડા નવા આવતાં નથી. પરંતુ જે ભીંગડા હોય છે તે મોટા થતાં હોય છે. આવા ભીંગડા વિકાસ પામતાં જાય તેમ તેમ નવા નવા વલયો બનતાં જાય છે. તેના આધારે માછલીઓની ઉંમર પણ જાણી શકાય છે. શાર્ક માછલીઓ ભીંગડા ધરાવતી નથી. તેમની ચામડી કાચ પેપર જેવી ખરબચડી હોય છે.

પાતળી ફીન્સ ધરાવતી અને ફાંટાવાળી પૂંછડી ધરાવતી માછલીઓ લાંબા અંતર સુધી અને સારી એવી ઝડપે તરી શકે છે. પાણીમાં તળિયે, પથ્થરો, ખડકોમાં રહેતી માછલીઓનાં આડાફીન પહોળા હોય છે અને પૂંછડી લાંબી-મોટી હોય છે. તેમને ઝડપથી તરવાનું હોતું નથી.

મડ સ્કીપર એક પ્રકારની માછલી છે. જે છિદ્રાળુ ત્વચાની મદદથી શ્વાસ લઇ શકે છે. માછલીઓ મોટા ભાગે પાણીમાં જ રહે તેવું આપણે માનીએ છીએ. પરંતુ આ પ્રકારની માછલીઓ તેમના જીવનનો મોટો ભાગ પાણીની બહાર કાદવમાં વિતાવે છે અને આ કારણે જ તેનું નામ 'મડ સ્કીપર' રખાયું હશે. કારણ કે તેની ફીન (ઝાલર) ની મદદથી પાણીની બહાર સરકીને ચાલે છે અને જરૂર જણાય ત્યારે તેની ચૂઇ (Gills) માં પાણી ભરીને સાથે રાખે છે.

માછલીઓના હલન-ચલનની વાત કરી રહ્યા છીએ તો નવાઇ લાગે તેવી વાતો એ છે કે એરોવાના (Arowana) નામની માછલીઓ પાણીની બહાર કુદકો લગાવીને હવામાં ઉડતાં કીટકો, પક્ષીઓ અને ચામાચિડિયાં જેવા જીવોને પકડીને શિકાર કરે છે. તેવી જ રીતે ઉડતી માછલીઓની વાત તમે સાંભળી હશે જે ખરેખર પક્ષીઓની જેમ ઉડી નથી શકતી પણ હવામાં લાંબો કુદકો કે જેને છલાંગ કે ગ્લાઇડીંગ કહી શકીએ તે મારે છે અને આવા લાંબા કુદકા કોઇ નાના કે ટૂંકા અંતરના હોતા નથી. આપણી કલ્પનામાં ન આવે તેવા લાંબા હોય છે. કેટલીક ઉડતી માછલીઓ ૧૬૦ ફૂટ એટલે કે ૫૦ મીટર સુધીની લાંબી છલાંગો મારી શકે છે. એક વિક્રમજનક છલાંગ ૨૦૦ મીટર એટલે કે ૬૬૦ ફૂટ અંતર જેટલી લાંબી પણ નોંધાઇ છે. ઊંચા કુદકાની વાત કરીએ તો પાણીની સપાટીથી ૧૯ ફૂટ હા, ૬ મીટર જેટલો ઊંચો કુદકો માછલીઓ દ્વારા મારવામાં આવેલો નોંધાયો છે.

હજારોથી લઇને લાખ્ખોનાં સમુહ (School) માં એક સાથે તરતી માછલીઓનું નેતૃત્વ કરતી માછલી તે ટોળાની મધ્યમાં રહે છે. ખુબ જ શિસ્તબદ્ધ રીતે ચોક્કસ દિશા, આકાર, અને ઝડપે તરતી આવી અસંખ્ય માછલીઓ કદી એકબીજા સાથે અથડાતી નથી.

મોટા ભાગની માછલીઓ આગળની દિશામાં તરી શકે છે. પરંતુ ઇલ કુટુંબની માછલીઓ અને ટ્રીગર ફીંશ પાછળની દિશામાં ઊંધી પણ તરી શકે છે.

દરિયાઇ ઘોડા એક પ્રકારની માછલીનું નામ છે. આ પ્રકારની માછલીની ઘણી વિશેષતા છે પરંતુ એક ખાસ વિશેષતા એ છે કે તે ખુબ જ ધીમી ગતિએ તરવા માટે જાણીતી છે.

અનુસંધાન પાના.૬ પર